## જન્મદિને વધામણી



**ડો. રાજેશભાઈ બી શાહ**
ટ્રેઝરર અને ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૨૫૦ ૦૮૬૩૦



**કનુભાઈ શીવલાલ શાહ**
ટ્રસ્ટી, સિનિયર સિટિઝન
કાઉન્સિલ, ગાંધીનગર
મો. ૯૯૨૫૦ ૧૨૪૮૬

# સમૂહગાન સ્પર્ધાના હિન્દી અને સંસ્કૃત વિભાગમાં ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ અવ્વલ




ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજિત સમૂહગાન સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ સ્કૂલે હિન્દી અને સંસ્કૃત વિભાગમાં પ્રથમ ક્રમે રહી રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરી હતી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ વિદ્યાર્થીઓએ આ સિદ્ધિ હાંસલ કરી હતી. પૂર્વ વિદ્યાર્થીઓ પરવિંદર સિંઘ અને રાજન હર્ષદકુમાર જાદવના સહિયારા પ્રયાસે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. નૈસર્ગી જોષી, રીયા હુડાની, ફોરમ ભટ્ટ, પાયલ ચતુર્વેદી, સોનમ શાહ, યાશીકા મહેતા, દૈવી વ્યાસ, માનસી અમીને આ વિજેતા ટીમમાં ભાગ લઈ સ્કૂલને વિજય અપાવ્યો હતો. શાળાનાં શિક્ષિકા સેજલ પરમારે ટીમને માર્ગદર્શન આપીને તૈયાર કરી હતી. વિજેતા વિદ્યાર્થીઓ, શિક્ષકને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન તથા શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ગાંધીનગરના સૅક્ટર-૨૫ ખાતે સ્પૉર્ટ્સ કૉમ્પ્લેક્સ આકાર લેશે



ગાંધીનગર, તા. ૨

મહાત્મા મંદિરના નિર્માણમાં સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાએ ગુજરાત સરકારને પરત આપેલી જમીનના અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાને સૅક્ટર-૨૫ ખાતે રમતના હેતુસર જમીન ફાળવવામાં આવી છે, તે જમીન ઉપર સૌપ્રથમ કાર્યક્રમ રાષ્ટ્રીય રમત દિવસના ભાગરૂપે યોજવામાં આવ્યો હતો.

ઑથોરિટીના રિજનલ ડિરેક્ટર આર કે નાયડુ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન તથા યુથ બૉર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજીવ મહેતાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. કાર્યક્રમે સૅક્ટર-૨૪, ૨૫, ૨૭ના વસાહતીઓમાં ભારે ઉત્તેજના જગાવી હતી.

અર્જુન ઍવોર્ડ વિજેતા પારૂલ પરમાર, પદ્મશ્રી દેવેન્દર, અર્જુન ઍવોર્ડી જગસીરસિંહ, દ્રોણાચાર્ય ઍવોર્ડી ઍથ્લીટ આર ડી સીંગ, ગિનીઝ બૂક ઑફ વર્લ્ડ રૅકર્ડ્સમાં જેમનું નામ છે એવા ઍથ્લીટ યશ પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા. આ પ્રસંગે સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા સૅક્ટર-૨૫માં નિર્માણ પામી રહેલા અદ્યતન સ્પૉર્ટ્સ કૉમ્પ્લેક્સ તથા તેમાં ઉપલબ્ધ સુવિધાઓનું સૂચિત માળખું જાહેર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ખેલાડીઓ ઉપરાંત રમતપ્રેમી જનતા પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી અને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને આ પ્રસંગે ઇનામો આપવામાં આવ્યાં હતાં.

# પ્રેરણા વિદ્યાલય દ્વારા શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા સ્વયંશિક્ષક દિનની ઉજવણી ઉત્સાહપૂર્ણ રીતે કરવામાં આવી હતી.

૪૧ શિક્ષકો, ૨ આચાર્ય, ૩ સુપરવાઈઝર, ૩ ક્લાર્ક, ૫ પટાવાળાની ભૂમિકા શાળાના વિદ્યાર્થીઓએ જ ભજવી હતી. કુલ ૫૪ વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને એક દિવસ માટે શાળાનાં તમામ કાર્યોને નજદીકથી નિહાળ્યાં, અનુભવ્યાં હતાં અને સાચી કેળવણી પ્રાપ્ત કરી હતી. આચાર્યથી માંડીને પટાવાળા સુધીની ભૂમિકામાં રહેલા સૌ વિદ્યાર્થીઓએ પોતાની આજની ભૂમિકા ઉત્સાહથી અને નિષ્ઠાથી બજાવી હતી.

શાળાનાં શિક્ષકો દ્વારા આ તમામ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને સર્વશ્રેષ્ઠ કામગીરી કરનાર વિદ્યાર્થીને વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો. શ્રેષ્ઠ કામગીરી કરનારા વિદ્યાર્થી તરીકે હેમાંગ ઠાકરનું નામ જાહેર કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત દેવાંગી પ્રજાપતિ, સૈયદ અબરાર, જ્હાન્વી પરમાર, અભિષેક શર્મા, સંજયસિંહ ચુડાસમા, તિલક પંડ્યા, હિન્દ ચૌહાણ, જૈમિન સાધુ, સાદરિયા જિજ્ઞેશ, જય સેનમા, મનિષ શર્મા, વિવેક રાવલ નિહાર વાળાની કામગીરી પણ પ્રશંસનીય રહી હતી.

શાળાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ તથા મનિષભાઈ ખત્રીએ ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## કારકિર્દી સપ્તાહ ઉજવણીમાં વક્તૃત્વ-નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર રોજગાર વિનિમય કચેરી તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધસ્પર્ધા તાજેતરમાં સૅક્ટર-૭ ખાતે સ્થિત જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે યોજવામાં આવી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં શેઠ સી ઍમ હાઈસ્કૂલના વિદ્યાર્થી માનવ પ્રકાશભાઈ પટેલ અને નિબંધસ્પર્ધામાં જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનાં વિદ્યાર્થીની રિદ્ધિ મહેન્દ્રકુમાર વાઘેલા પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયાં હતાં.

શાળાનાં સુપરવાઈઝર વર્ષાબેન પટેલ અને ચારુલબેન પુરોહિત દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શેઠ સી ઍમ હાઈસ્કૂલનાં શારદાબેન ચોયાણી અને આરાધના વિદ્યાવિહારના કમલેશભાઈ પરમારે પોતાની સેવાઓ આપી હતી.




લેકાવાડા ખાતે કાર્યરત ઓમકાર ઈન્ટરનૅશનલ સ્કૂલ દ્વારા ધોરણ-૫થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે મહાત્મા મંદિર પાસે સ્થિત દાંડી કુટિરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ રસપૂર્વક ગાંધીપ્રદર્શન તથા દેશને આઝાદ કરવા માટે થયેલ ચળવળો, ગાંધીજીના નેતૃત્વ હેઠળ થયેલા સત્યાગ્રહો, ગાંધીજીના જીવન-આદર્શો તથા ગાંધીજીએ પોતાના જીવનમાં પાળેલા સદાવ્રતો વગેરેની માહિતી મેળવી હતી તેમજ ઑડિયો-વિડીયો પ્રદર્શન નિહાળ્યું હતું. આમ ૩ કલાક દરમ્યાન વિદ્યાર્થીઓએ સમગ્ર પ્રદર્શનની મુલાકાત લઈ ગાંધીજીના જીવન સાથે સંકળાયેલી નાની-મોટી તમામ બાબતોની જાણકારી પ્રાપ્ત કરી હતી.

## જે ઍસ પટેલ વિદ્યાલય રાંધેજાનો યુવા મહોત્સવમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૨

રાંધેજા ખાતે સ્થિત શ્રી જે ઍસ પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ યુવા મહોત્સવમાં રાંધેજા જૂથ વિભાગમાં ભાગ લઈ જ્વલંત સફળતા મેળવી હતી.

લગ્નગીતની હરિફાઈમાં ચંદ્રીકાબેન રાવલે પ્રથમ, એકપાત્રીય અભિનય સ્પર્ધામાં મેઘના રાવલ પ્રથમ, વક્તૃત્વ સ્પર્ધામાં વર્ષા રાવલ પ્રતમ, સમૂહગીતમાં નિધિ સુથાર, કોમલ યાદવ, અપેક્ષા પટેલ પ્રથમ અને લોકગીતની સ્પર્ધામાં રાજુ બઢીયા દ્વિતિય સ્થાને વિજેતા જાહેર થયા હતા.

સૌ વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર તથા પ્રિન્સિપાલ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આરાધના વિદ્યાવિહાર વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતિય ક્રમે વિજેતા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર રોજગાર વિનિમય કચેરી તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં સૅક્ટર-૨૮ ખાતે કાર્યરત આરાધના વિદ્યાવિહારના વિદ્યાર્થી સ્મિત બાબુલાલ પટેલે દ્વિતિય ક્રમે વિજેતાપદ મેળવ્યું હતું. કેરિયર શિક્ષક કમલેશભાઈ પરમાર તથા શાળા પરિવારે સ્મિતને અભિનંદન પાઠવ્યા હતા.

# ભાગવત વિદ્યાપીઠમાં જન્માષ્ટમી નિમિત્તે 'સંસ્કૃત પ્રદર્શની'નું વિશેષ આયોજન




ગાંધીનગર, તા. ૨

શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે જન્માષ્ટમીના દિવસે કૃષ્ણ જન્મોત્સવ સહિતનાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

છેલ્લાં ૪૧ વર્ષોથી જનહિતનાં કાર્યો કરતી વિદ્યાપીઠ ખાતે દર વર્ષે જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ પ્રસંગે સંકુલમાં દર્શન માટે ૩ લાખથી વધુ વ્યક્તિઓ ઉમટી પડે છે.

આ વખતે જન્માષ્ટમીના તહેવારોને અનુલક્ષીને વિદ્યાપીઠ દ્વારા તા. ૪ અને ૫ સપ્ટેમ્બરના રોજ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેમાં સંસ્કૃત પ્રદર્શની મુખ્ય આકર્ષણ બની રહેશે, જેમાં શ્રીમદ્ ભાગવત, ભગવદ્ગીતા, વેદો અને ઉપનિષદોમાં સંસ્કૃત ભાષા અને તેના દ્વારા સંસ્કૃત ભાષાની ભારતીય સંસ્કૃતિ સાથે વણાયેલી વાતોનાં જ્ઞાનને સંસ્કૃત પ્રદર્શની રૂપે રજૂ કરવામાં આવશે.

આ અંગે માહિતી આપતાં વિદ્યાપીઠના શ્રી ભાગવત ઋષિએ જણાવ્યું હતું કે તા. ૪ના રોજ ભાગવતના દશમ સ્કંધના ભ્રમર ગીત પર આધારિત ધાર્મિક નાટક 'બ્રીજ કો છોડ ચલે ઘનશ્યામ' મંદિર પરિસરમાં સાંજે ૭.૩૦ કલાકે ભજવાશે. તા. ૫ના રોજ સવારે ૭.૧૫થી ૮.૪૫ કલાક સુધી પંચામૃત સ્નાનો કાર્યક્રમ યોજાશે. સાંજે ૭.૩૦થી ૧૧ કલાક દરમ્યાન મોસમ-મલકા દ્વારા નૃત્ય પ્રસ્તુતિ તથા જયદીપભાઈ મહેતા અને સાથી વૃંદ દ્વારા શ્રીકૃષ્ણ ભક્તિ સંગીતના કાર્યક્રમ યોજાશે. રાત્રે ૧૧.૩૦થી ૧૨ સુધી શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે.

# આરાધના વિદ્યાવિહાર ખાતે સ્વયંશિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

સૅક્ટર-૨૮ ખાતે કાર્યરત આરાધના વિદ્યાવિહાર ખાતે સ્વયં-શિક્ષક દિનની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવી હતી.

ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં ઉત્સાપૂર્વક ભાગ લીધો હતો. કુલ ૨૧ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષક તરીકેની ભૂમિકા ભજવીને શિક્ષણકાર્યની જવાબદારી પણ પોતાના શિરે ઉઠાવી હતી.

ધોરણ-૧૦નાં વિદ્યાર્થીની દિશાબેન વસાવા દ્વારા પ્રિન્સિપાલની ભૂમિકા અદા કરવામાં આવી હતી તથા શાળાનું સંચાલન સંભાળવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ કામગીરી કરનારવ વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ તથા મૅનેજિંગ ટ્રસ્ટી દ્વારા પ્રાસંગિક પ્રવચનો કરી આદર્શ શિક્ષકનાં લક્ષણો વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા તથા આ ગુણોને પોતાના જીવનમાં ચરિતાર્થ કરવાની શીખ આપી હતી. સ્વયંશિક્ષક દિનની ઉજવણીમાં ભાગ લેનારા સૌ વિદ્યાર્થીઓને તેમણે બિરદાવ્યા પણ હતા.

આ સમગ્ર ઉજવણીમાં શાળાના શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફે સક્રિય સહયોગ આપીને કાર્યક્રમને સફળતાના મુકામ સુધી પહોંચવામાં સહાય કરી હતી.

## ક્વીઝ નં. ૪




(૧) ૨૦૧૫માં વિશ્વમાં આંતરરાષ્ટ્રીય નૅલ્સન મંડેલા દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો ?
(ક) ૩ જુલાઈ (ખ) ૧૨ જુલાઈ
(ગ) ૧૮ જુલાઈ (ઘ) ૨૧ જુલાઈ

(૨) બ્રિટનની રૉયલ સોસાયટીમાં સામેલ થનાર ડૉ. કમલ બાવા કઈ બાબત સાથે સંકલાયેલા છે ?
(ક) કૃષિ (ખ) ભૌતિક વિજ્ઞાન
(ગ) રસાયણ વિજ્ઞાન (ઘ) પર્યાવરણ

(૩) ૨૦૧૫માં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ નક્ષત્ર વાટિકાનું ઉદ્ઘાટન કર્યું તે નિલમય ગાર્ડન ક્યાં આવેલું છે ?
(ક) હેદરાબાદ (ખ) સિકંદરાબાદ
(ગ) અજમેર (ઘ) શિલોંગ

(૪) ૨૦૧૫માં કેન્દ્ર સરકારે રાષ્ટ્રવ્યાપી હૃદય યોજનાનો શુભારંભ ક્યાંથી કર્યો છે ?
(ક) વારાણસી (ખ) અમૃતસર
(ગ) અજમેર (ઘ) વારંગલ

(૫) તાજેતરમાં ચર્ચિત વ્યાપમ કૌભાંડ કયા રાજ્ય સાથે સંબંધિત છે ?
(ક) રાજસ્થાન (ખ) હિમાચલ
(ગ) ઉત્તરાખંડ (ઘ) મધ્યપ્રદેશ

(૬) ૨૦૧૫માં કયા સ્થળે સિંહસ્થ કુંભ મેળાનું આયોજન થયું હતું ?
(ક) ઉજ્જૈન (ખ) નાસિક
(ગ) હરિદ્વાર (ઘ) કાશી

(૭) ૨૦૧૫માં બંગાળની ખાડીમાં કયું ચક્રવાત સર્જાયું હતું ?
(ક) અશોબા (ખ) બંગદૂર
(ગ) કોમેન (ઘ) ફોરહોમ

(૮) તાજેતરમાં મહિલા ફૂટબૉલ વર્લ્ડ કપ વિજેતા દેશ કયો છે ?
(ક) રશિયા (ખ) સ્કૉટલેન્ડ
(ગ) અમેરિકા (ઘ) આર્જેન્ટિના

(૯) ૨૦૧૫માં વિશ્વ રણ અને દુષ્કાળ પ્રતિરોધ દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો ?
(ક) ૧૭ જુલાઈ (ખ) ૧૮ જુલાઈ
(ગ) ૧૯ જુલાઈ (ઘ) ૨૦ જુલાઈ

(૧૦) ૨૦૧૫માં દ્વારકા સ્થિત નિર્માણાધિન સુદામા સેતુની લંબાઈ કેટલી છે ?
(ક) ૧૬૮ મીટર (ખ) ૧૬૯ મીટર
(ગ) ૧૬૬ મીટર (ઘ) ૧૬૭ મીટર

**ક્વીઝ-૩ ના જવાબ**

(૧) ઘ (૨) ખ (૩) ખ (૪) ગ (૫) ઘ (૬) ગ (૭) ક (૮) ક (૯) ગ (૧૦) ક

**સાચા જવાબ મોકલનાર વાચકો**

ઈલા શ્રીમાળી (પેથાપુર)
ધવલ પરમાર (સૅક્ટર-૩)
વિપુલ સોલંકી (સૅક્ટર-૭)

# રાષ્ટ્રીય સેવા યોજના હવે અભ્યાસક્રમ તરીકે




યુજીસી સાથે સંકળાયેલી દેશની તમામ કૉલેજોમાં રાષ્ટ્રીય સેવા યોજના (ઍનઍસઍસ) એક કાર્યક્રમ તરીકે ચલાવવામાં આવે છે. રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ એ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે. કેટલીક કૉલેજોમાં ઍનઍસઍસના વિકલ્પે ઍનસીસીની તાલીમ પણ આપવામાં આવે છે. સૈનિક બનવાની પ્રક્રિયામાં જે વિદ્યાર્થીઓને રસ હોય છે તેઓ ઍનસીસીની તાલીમ સ્વીકારે છે પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓ તો રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિને જ સ્વીકારે છે. વિદ્યાર્થીઓની આ પ્રકારની પસંદગી પાછળનો એક તર્ક એ પણ જોવા મળે છે કે ઍનસીસી જેવી કડક તાલીમ અને શિસ્તનો આગ્રહ ઍનઍસઍસમાં જોવા મળતો નથી. ઍનઍસઍસમાં પ્રવૃત્તિ કરી કે ન કરી, કોઈ જોતું નથી એવો તર્ક પણ વિદ્યાર્થીઓમાં જોવા મળે છે.

ઍનઍસઍસ સંદર્ભે વિદ્યાર્થીઓ જે તર્ક કરે છે એ ઘણે અંશે સાચો છે. આ પ્રવૃત્તિ જેટલી ગંભીરતાથી થવી જોઈએ એટલી ગંભીરતાથી મોટાભાગની કૉલેજોમાં થતી નથી. સત્ર દરમ્યાન વિદ્યાર્થીએ કેટલા કલાક પ્રવૃત્તિ કરવાની અને કયા પ્રકારની પ્રવૃત્તિ કરવાની, એ પાછળનો ઍનઍસઍસનો ઉદ્દેશ સ્પષ્ટ છે. જનજાગૃતિને લગતી પ્રવૃત્તિઓ અને ગ્રામીણ વિસ્તારોમાં આ પ્રવૃત્તિ થાય એ ઈચ્છનીય છે. સેવા કરવાના ભાવ વિદ્યાર્થીઓમાં કેળવાય એ એનો મુખ્ય હેતુ છે. કુદરતી આપત્તિના સમયે કે અન્ય કોઈપણ મુશ્કેલીના સમયે સમાજની વચ્ચે રહીને વિદ્યાર્થીઓ કામ કરે, એ માટે ઍનઍસઍસ દરમ્યાન એમને તૈયાર કરવામાં આવે છે. એક સપ્તાહ ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા, નિરક્ષરતા, વ્યસનમુક્તિ, દારૂબંધી, ગ્રામસભા વગેરે વિષયને લગતી શિબિરનું આયોજન પણ કરવામાં આવે છે. શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓ અને જે તે અધ્યાપકો પસંદ કરેલા ગામડામાં રહીને પ્રવૃત્તિઓ કરતા હોય છે. ધીમેધીમે આ બધું કર્મકાંડ થતું જાય છે. ઍનઍસઍસની પ્રવૃત્તિ સંભાળનાર અધ્યાપક-પ્રોગ્રામ ઑફિસરને જો રસ ન હોય તો આખી પ્રવૃત્તિ વિધિ-વિધાન બનીને અટકી જાય છે. સત્ર દરમ્યાન નિયત કરેલા કલાકો પસાર કરવા સિવાય અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર મેળવવા સિવાય ઝાઝો રસ રહેતો નથી. પરંતુ પ્રોગ્રામ ઑફિસર સૂઝ-સમજવાળા હોય તો આખી પ્રવૃત્તિને વેગવંતી અને ફળદ્રુપ બનાવી શકે છે.



રાષ્ટ્રીય સેવા યોજના એક ઉપયોગી પ્રવૃત્તિ છે, એની ના પાડી શકાય એમ નથી. રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલા પ્રોગ્રામ ઑફિસરને પણ વર્ષ દરમ્યાન તાલીમ આપવામાં આવે છે અને એ દ્વારા આ યોજનાનો હેતુ વધુ ને વધુ સ્પષ્ટ કરવામાં આવે છે. સેવાકીય પ્રવૃત્તિઓની સાથે સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પણ એમાં સમાવેશ કરવામાં આવે છે. ટૂંકમાં, વિદ્યાર્થીના શૈક્ષણિક ઘડતરની સાથે સાથે અન્ય પ્રકારના ઘડતરની આ વિશિષ્ટ પ્રવૃત્તિ છે. રાષ્ટ્રીય કક્ષાએ હવે યુજીસીએ એવો નિર્ણય કર્યો છે કે રાષ્ટ્રીય સેવા યોજનાને અભ્યાસક્રમમાં દાખલ કરવું. અત્યાર સુધી એ શિક્ષણની સાથે થતી એક વિશિષ્ટ પ્રવૃત્તિ હતી પણ હવે એને શિક્ષણનો જ એક ભાગ બનાવવાની દિશામાં યુજીસીએ પહેલ કરી છે અને એ આવકાર્ય પણ લાગે છે. સ્થાનિક કક્ષાએ આ અભ્યાસક્રમ દાખલકરવામાં આવશે અને ૨૦૧૬થી એનું અમલીકરણ થશે. વિદ્યાર્થી મુખ્ય વિષય તરીકે પણ ઍનઍસઍસને રાખી શકશે. રાષ્ટ્રીય સ્તરે યુજીસીએ આ પ્રકારની જાહેરાત કરી હોય ત્યારે એક અપેક્ષા એવી પણ રહે કે રાષ્ટ્રીય સ્તરે એનો અભ્યાસક્રમ એકસરખો રહે જે તે પ્રાદેશિક સ્તરને ધ્યાનમાં રાખીને કેટલાક સુધારા અભ્યાસક્રમમાં થાય પણ એનું માળખું તો રાષ્ટ્રીય સ્તરે યથાવત રહે. જેથી મુખ્ય વિષય તરીકે અભ્યાસ કરનાર વિદ્યાર્થીને આગળ જતાં મુશ્કેલી ન અનુભવવી પડે. રાષ્ટ્રીય સેવા યોજનાને અભ્યાસક્રમના ભાગ તરીકે શીખવવામાં આવશે ત્યારે એ વિષય સાથે સંકળાયેલી ગંભીરતા વધુ સ્પષ્ટ થશે, એવી આશા રાખવી અસ્થાને તો નથી ને ?